# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

ગુલબાઇ ટેકરા-એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : ૨૬૩૦૨૩૪૧

પાસપોર્ટ ફોટો ચોંટાડવો

## પ્રવેશ માટેનું અરજી પત્રક

કોમ્પ્યુટર કોડ નં.

(૧) વિદ્યાર્થીનું નામ ______________________________
નામ પિતાનું નામ અટક (મૂળ અટક સાથે)

જન્મ તારીખ ______

(૨) પિતા/વાલીનું નામ ______________________________
નામ પિતાનું નામ અટક (મૂળ અટક સાથે)

(૩) વાલી સાથેનો સંબંધ ______________________________

(૪) પિતા/વાલીના રહેઠાણનું હાલનું સરનામું ↓ ______ સૌરાષ્ટ્રમાં મૂળ વતન ↓ ______

ગામ ______ ગામ ______

તાલુકો ______ તાલુકો ______

જીલ્લો ______ જીલ્લો ______

પીનકોડ નં. ______ પીનકોડ નં. ______

ફોન : (ઓ) ______ (ઘર) ______ ફોન : (ઓ) ______ (ઘર) ______

(૫) પિતા/વાલીનો ધંધો ______ વાર્ષિક આવક ______

વ્યવસાયનું સરનામું ______________________________

______________________________

ફોન : ઓ. ______ ઘર. ______

(૬) ક્યા ધોરણ/શાળામાં/કોલેજમાં
અભ્યાસ કરવા માંગો છો. ધોરણ ______ શાળા/કોલેજ ______
શાળા/કોલેજનું સરનામું ______________________________

______________________________

ટે.નં. ______

(૭) છેલ્લી પરીક્ષાનું પરિણામ ધોરણ ______ પાસ થયાનું વર્ષ ______ મેળવેલ ટકા ______

| પાછલા વર્ષોના પરીણામો | 10th | 12th | 1st Year | 2nd Year | 3rd Year |
|---|---|---|---|---|---|
| | | | | | |

## સોગંદનામુ

મારી ઉપરોક્ત વિગતો સાચી અને ખરી છે, તેની ખાત્રી આપું છું. આ ફોર્મમાં પાછળ દર્શાવેલ તમામ નિયમો મેં વાંચ્યા છે. આ તમામ નિયમો તેમજ વ્યવસ્થાપકોની તમામ આજ્ઞાઓનું ચુસ્ત પણે પાલન કરવા બંધાઉ છું. સંસ્થાના પ્રવર્તમાન અગર વખતો વખત નક્કી થાય તે નિયમોનુ પાલન કરવા હું બંધાયેલો છું.

તારીખ : ______ વિદ્યાર્થીની સહી ______

વિદ્યાર્થીની ઓળખ આપી શકે તેવા અમદાવાદ ખાતે વસતા જ્ઞાતિ સદગૃહસ્થનું નામ અને સરનામું ______

______________________________

______________________________ ટે.નં. ______

રીમાર્ક : (૧) ગૃહપતિ

(૨) એડમીશન કમિટિ સભ્યો (૧) ______ (૨) ______

(3) ______

અરજી પત્રક ફી રૂા. ૧૦/-

# છાત્ર ભવનનાં નિયમો

(૧) ધો. ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપરાંત ટેકનીકલ એજ્યુકેશન (ડીગ્રી ડીપ્લોમાં એન્જી. મેડીકલ, ફાઈન આર્ટ, ફાર્મસી, આર્કિટેક્ટ) પ્રોફેસનલ અભ્યાસ ક્રમો અંડર ગ્રેજ્યુએટ (B.A./B.Com./B.Sc.) જેવા અભ્યાસક્રમો તથા સંસ્થા વખતો વખત ઠરાવે તેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે.

(૨) આવેલા અરજીપત્રો પૈકી ગત વર્ષના છેલ્લા પરિણામને આધારે ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

(3) પ્રવેશ પાત્ર ગણેલ વિદ્યાર્થીઓની નામાવલિ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. યાદી જાહેર થયે દિન ૧૦માં પ્રવેશ મેળવી લેવાનો રહેશે ત્યારબાદ આવેલ વિદ્યાર્થીની પ્રવેશપાત્રતા રદ થશે.

(૪) પ્રવેશ પત્ર સાથે

૧. ફોટોગ્રાફ-૨

૨. માર્કશીટ-ઓરીજનલ કોપી અથવા અધિકૃત વ્યકિતની સર્ટીફાઈડ સહી સીક્કા સાથેની નકલ.

૩. લીવીંગ સર્ટીની નકલ

૪. સ્કૂલ-કોલેજ ફી ભર્યાની પહોંચની નકલ જોડવાની રહેશે.

(૫) તમારે શા માટે છાત્રાલયમાં પ્રવેશ મેળવવાની ઈચ્છા છે ? અને જો તમને પ્રવેશ મળે તો કેવી રીતે સારો ઉપયોગ કરશો ?

(૬) દરેક વિદ્યાર્થીએ ફાળવેલ રૂમ અને ફ્લોર મુજબજ રહેવાનું રહેશે તેમાં ફેરફાર થઈ શકશે નહીં. અને બીજાના રૂમમાં જવું નહી.

(૭) નોકરી, વ્યવસાય, ધંધો કે અને પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થીને પ્રવેશ મળશે નહીં.

(૮) કોઈપણ વિદ્યાર્થી તેમના રૂમમાં પ્રવેશ મેળવેલ સિવાયના અન્ય મિત્ર/વ્યક્તિને રાખી શકાશે નહીં.

(૯) કોઈપણ રૂમમાં કોઈપણ વ્યક્તિ ગેર કાનુની રહેતા પકડાશે તો તે રૂમમાં રહેતા તમામ વિદ્યાર્થીઓનો સંયુક્ત ગુનો ગણી તે તમામ સજાને પાત્ર ઠરશે.

(૧૦) બહાર ગામ જનાર વિદ્યાર્થીએ જતા અગાઉ તેમજ આવ્યા પછી ગૃહપતિ/મંત્રીને લેખીત જાણ કરવાની રહેશે. રસોડામાં કટ મેળવવા માટે છાત્રાલયનાં મહારાજને આગલા દિવસે જાણ કરવી પડશે.

(૧૧) દરેક રૂમની સફાઈ તેમજ રૂમમાં પીવાના પાણીની વ્યવસ્થા વિદ્યાર્થીઓએ જાતે કરવાની રહેશે.

(૧૨) છાત્રાલયનાં ફર્નિચર, ઈલેક્ટ્રીક ફીટીંગ, લાઈટ, પંખા, લીફ્ટ, જાજરૂ-બાથરૂમ, કોમન લાઈટ, રસોડાના વાસણો અને સંસ્થાના અન્ય સાધનોને કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. જે વિદ્યાર્થી કોઈપણ પ્રકારનું નુકશાન કરશે તો તેની પાસેથી દંડ વસુલ કરવામાં આવશે અને આવુ કાર્ય ગુના પાત્ર ગણાશે.

(૧૩) સંસ્થામાં કોઈપણ પ્રકારના વ્યસનો જેવાકે પાન મસાલા, બીડી, સીગરેટ, તમાકુ, ગુટકા વગેરેની વપરાશ ઉપર સખ્ત પ્રતિબંધ છે. આ નિયમનો ભંગ કરનારનું એડમિશન રદ થવાને પાત્ર થશે.

(૧૪) સંસ્થાની રૂમો-લોબી, દિવાલો, જાજરૂ-બાથરૂમ, રસોડું કે અન્ય જગ્યાએ થુંકવુ નહીં તેમજ કોઈપણ પ્રકારનું લખાણ લખવું નહીં. તેમજ કચરો નાખવો નહીં.

(૧૫) લીફ્ટનો ઉપયોગ સંસ્થાએ નક્કી કરેલ ધારા ધોરણ પ્રમાણે જ કરી શકાશે અન્યથા સીડી (દાદરો) નો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૬) પાણીનો વપરાશ સંયમથી કરવાનો છે. સમય મર્યાદામાંજ પાણી આપવામાં આવશે.

(૧૭) અભ્યાસ સિવાયની કોઈ પણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. રૂમમાં રેડીઓ, ટીવી, ટેપ કે અન્ય સાધનનો ઉપયોગ કરવો નહીં. ઉપરાંત ઈલેક્ટ્રીક સાધન જેવા કે સગડી, ઈસ્ત્રી, હીટર વગેરે વાપરી શકાશે નહીં. લેપટોપ, કોમ્પ્યુટર માટે અગાઉ મંજુરી લેવાની રહેશે.

(૧૮) છાત્રાલયના અન્ય વિભાગો જેવા કે સાંસ્કૃતિક હોલ, પાર્ટી પ્લોટ, પાર્કીંગ કે અન્ય પ્રવૃત્તિઓ સામે કોઈપણ વિદ્યાર્થી કે તેના પિતા/વાલી વાંધો લઈ શકશે નહીં તે વિસ્તારમાં પ્રવેશી શકશે નહીં.

(૧૯) છાત્રાલયના વહીવટકર્તાઓ, સમાજના વડીલો, આગેવાનો અને કર્મચારીઓ સાથે પ્રત્યેક વિદ્યાર્થીઓએ વિનય વિવેક પૂર્વક વર્તવાનું રહેશે.

(૨૦) છાત્રાલયનું પ્રથમ સત્ર ૨૦મી જૂન થી ૧૦ ઓક્ટોબર અને બીજુ સત્ર ૫ નવેમ્બરથી ૨૦મી એપ્રીલ સુધીનું ગણાશે. તે સમય બાદ જેમની પરીક્ષા બાકી હશે તેઓ ગૃહપતિ-મંત્રી ને લેખીત જાણ કરી સંસ્થામાં રહી શકશે. પરીક્ષાઓ પૂર્ણ થતા વિદ્યાર્થીઓએ રૂમો ખાલી કરવાની રહેશે.

(૨૧) અધુરી વિગત વાળુ પ્રવેશ પત્ર રદ થવાને પાત્ર ગણાશે.

(૨૨) વહીવટકર્તાઓને જરૂર જણાય તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરી શકશે. તે તમામને બંધન કર્તા રહેશે

(૨૩) સંસ્થા કોન્ટ્રેક્ટ/કલબ પધ્ધતિથી રસોડું ચલાવશે. જ્યારે સંસ્થાનું રસોડું ચાલુ હશે ત્યારે તમામ વિદ્યાર્થીએ સંસ્થાના રસોડામાં જ જમવાનું રહેશે.

(૨૪) દર માસે બીજા અને ચોથા શનિવારે રાત્રે ૮ વાગ્યે સંસ્થાની મીટીંગમાં હાજરી આપવી ફરજીયાત છે.

(૨૫) વિદ્યાર્થીની વર્તણુંક, ચાલ ચલગત સારી ન હોય, અન્ય વિદ્યાર્થીને નડતરરૂપ કોઈ વર્તન હોય તો ગમે ત્યારે પ્રવેશ રદ કરવામાં આવશે.

(૨૬) ઉપરોક્ત પૈકી કોઈપણ નિયમનો ભંગ થતા વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે. પ્રવેશ રદ થતા તમામ ભરેલ રકમો જપ્ત થશે. જેનું કોઈપણ પ્રકારનું વળતર (રીફંડ) આપવામાં આવશે નહીં. આ અંગે વહીવટ કર્તાઓનો નિર્ણય આખરી ગણાશે.

(૨૭) ધો. ૧૧-૧૨ સાયન્સ-કોમર્સના દરેક વિદ્યાર્થીભાઈઓએ વાંચવા માટેનાં નિયમો ફરજીયાત અનુસરવાના રહેશે તેમજ બહાર ટ્યુશન રાખતા પહેલા મંજુરી મેળવવાની રહેશે.

(૨૮) કુદરતી આફતો જેવીકે ધરતી કંપ-આગ તેમજ અન્યથી વિદ્યાર્થીને જાનહાની થાય તેની જવાબદારી સંસ્થાની રહેતી નથી. જેની વિદ્યાર્થીએ ગંભીર નોંધ લેવી.

ઉપરના તમામ નિયમો મે વાંચ્યા છે અને વખતો વખત બદલાતા નિયમોનું ચુસ્તપણે પાલન કરવા હું બંધાઉ છું, સંસ્થાના કોઈપણ આગેવાન કે કાર્યકર્તાઓ ઉપર કોઈપણ શેહ, શરમ કે વગ વાપરવાનો પ્રયત્ન કરીશ નહીં તેની હું ખાત્રી આપું છું અને કબુલાત કરૂ છું.

વિદ્યાર્થીની સહી